# ગુજરાતના અપમાનનો બદલો લેવાનો અનુરોધ કરતા વડાપ્રધાન

## અવાજ બેસી જતા પ્રવચન નીરસ રહેતા વીસેક મિનિટમાં આટોપી લેવાયું

ગુજરાત વિધાનસભા ચૂંટણી જંગના પ્રથમ ચરણનું મતદાન પૂર્ણ થતા હવે બીજા ચરણના ચૂંટણી પ્રચારમાં રાજકીય પક્ષોએ ઝંઝાવતી પ્રચારનો દોર આરંભ્યો છે. જેના ભાગરૂપે આજે બીજી વખત બનાસકાંઠામાં આવેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાલનપુર ખાતે ચૂંટણી સભા સંબોધી હતી. જેમાં તેઓએ કોંગ્રેસના મણિશંકર ઐયરએ કરેલા અપમાનનો બદલો લેવા હાકલ કરી હતી.

પાલનપુર ખાતે નિયત સમય કરતા દોઢ કલાક મોડા વડા પ્રધાન મોદી આવ્યા હતા. જ્યાં તેઓએ મણિશંકર ઐયરએ તેમના વિષે કરેલી અપમાનજનક ટિપ્પણીને ગુજરાતનું અપમાન ગણાવી બદલો લેવા હાકલ કરી હતી.





મોદીએ પાકિસ્તાનના પૂર્વ આર્મી જનરલે અહમદ પટેલને ગુજરાતના મુખ્યમંત્રી બનાવવા માટે મદદ કરવા જણાવ્યું હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. મોદીએ દિલ્હી મુંબઈ કોરિડોરને પગલે પાલનપુર ટ્રાન્સપોર્ટ હબ બનશે તેવો દાવો કર્યો હતો. મોદીએ પોતાનો અવાજ બેસી ગયો હોવાનું જણાવી વીસેક મિનિટમાં સંબોધન આટોપી લેતા તેમને સાંભળવા આવેલા લોકો નિરાશ થયા હતા. આમ, ગાજયા મેહ વરસ્યા નહીં તે રીતે મોદીનું નિરાશાજનક અને દિશાહીન ભાષણથી ઉત્સાહથી આવેલા લોકોમાં નિરાશાનું મોજું ફરી વળ્યું હતું.

## ધાનેરા તાલુકાના ૨૦થી વધુ ગામોમાં કોંગ્રેસી કાર્યકર્તાઓએ બાઈક રેલી યોજી નાથાભાઈને જીતાડવા કમર કસી

ધાનેરા, તા. ૧૦

ધાનેરા વિસ્તારમાં યુવા કોંગ્રેસી કાર્યકર્તાઓ દ્વારા ધાનેરા તાલુકાના ૨૦ થી વધુ ગામોમાં વિશાળબાઈક રેલી યોજી કોંગ્રેસ ના ઉમેદવાર નથાભાઈને જીતાડવા અપીલ કરી હતી.



ધાનેરા તાલુકાના કોંગ્રેસી યુવા કાર્યકર્તાઓ દ્વારા આજે ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ બાઈકરેલી ધાનેરા તાલુકાના રૂની ગામથી પ્રારંભ થયો હતો અને ૨૦ થી વધુ ગામોમાં ફરી કોંગ્રેસનો પ્રચાર કરી કોંગ્રેસના ઉમેદવાર નથાભાઈ પટેલને જીતાડવા માટે અપીલ કરી હતી તો બીજી તરફ લોકો દ્વારા પણ ગામેગામ આ બાઈક રેલીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને ગામ લોકો પણ પોતાનું બાઈ લઈ આ વિશાળ બાઈકરેલીમાં જોડાઈ કોંગ્રેસના ઉમેદવાર નથાભાઈને સમર્થન આપ્યું હતું અને નથાભાઈને જીતાડવા માટેની ખાતરી આપી હતી અને આ વિશાળ બાઈક રેલી ધાનેરાના ગામે ગામ ફરી પરત ધાનેરા કોંગ્રેસ ઓફિસે આવી હતી.

## એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

### કંપનીમાં કામ કરતા સ્ટાફ સહિત કામદારોએ રકતદાન કર્યું રકતદાતાઓ દ્વારા ૧૭૦ બોટલ રકતદાન કરવામાં આવ્યું

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના કાટવાડ ખાતે આવેલ એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. જેમાં કંપનીમાં કામ કરતા રકતદાતાઓ દ્વારા ૧૭૦ બોટલ રકતદાન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કાટવાડ પાટીયાં એશિયન ગ્રેનીટો ઈન્ડીયા લીમીટેડ કંપની ખાતે એચ.ડી.એફ.સી. બેંક અને રેડક્રોસ હિંમતનગરના સહિયોગથી કંપની ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં કંપનીમાં કામ કરતાં અધિકારીઓ સ્ટાફ સહિત કર્મચારીઓ કામદારો દ્વારા ૧૭૦ બોટલ રકતદાન રકતદાતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કંપનીના ડાયરેકટર મહેશભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ તથા ડીજીએમ ભાવેશભાઈ મિસ્ત્રી, કુણાલભાઈ, ડૉ.જશુભાઈ કંસારા સહિત ઉપસ્થિત રહ્યાં હતાં.

## ધાનેરામાં ભાજપના ઉમેદવાર માવજીભાઈને જીતાડવા ડીસા માર્કેટયાર્ડના વેપારીઓ મેદાનમાં

ધાનેરા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈને સમગ્ર ધાનેરા અને દાંતીવાડા તાલુકામાંથી પ્રચંડ જન



સમર્થન મળી રહયુ છે ત્યારે માવજીભાઈની જંગી બહુમતીથી જીતાડવા હવે ડીસા માર્કેટયાર્ડ અને શાકમાર્કેટના વેપારીઓ, મહેતાજીઓ અને હમાલો પણ પ્રચારકાર્યમાં જોડાશે.

સોમવારે ડીસા માર્કેટયાર્ડ વેપારી એસો. હોલ ખાતે માવજીભાઈ દેસાઈનું ભવ્ય સન્માન કરાયું હતું. ધાનેરા બેઠકના ભાજપના ઉમેદવાર ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તેમજ બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને બનાસ કોલેજ ના સ્થાપક ચેરમેન માવજીભાઈ દેસાઈએ ભાજપના ઉમેદવાર તરીકે ફોર્મ ભરતા ડીસા બજાર સમિતિમાં હર્ષોલ્લાસની લાગણી વ્યાપી છે. માવજીભાઈ દેસાઈ ને તન-મન-ધનથી જીતાડવા ડીસા બજાર સમિતિ સંચાલિત ડીસા માર્કેટયાર્ડ, વી.જે.પટેલ શાક માર્કેટ અને ભીલડી માર્કેટયાર્ડના વેપારીઓ, મહેતાજીઓ અને હમાલભાઈઓ પણ ધાનેરામાં તેમના પ્રચારમાં જોડાશે.

આ અંગે ડીસા માર્કેટયાર્ડ વેપારીએ એસોસિયેશન હોલ ખાતે માવજીભાઈનો સન્માન સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં ડીસા માર્કેટયાર્ડ વેપારી એસો.ના પ્રમુખ અરજનભાઈ પટેલ, શાક માર્કેટ વેપારી એસો.ના પ્રમુખ કમલેશભાઈ માળી, ડિરેકટર મહેન્દ્રભાઈ શેઠ, પૂર્વ ડિરેક્ટર દિનેશભાઈ ત્રિવેદી, અગ્રણી વ્યાપારી શંકરલાલ માળી, દિલીપભાઈ ઠરીયાણી, રાજુભાઈ માળી,રમેશભાઈ માળી સહિત વેપારીઓ, મહેતાજીઓ અને હમાલભાઈઓએ માવજીભાઈનું સન્માન કરી તેમને જંગી બહુમતીથી જીતાડવા ના સંકલ્પ કર્યા હતા. જ્યારે ધાનેરા મત વિસ્તારમાં બે દિવસ તમામ વેપારીઓ, મહેતાજીઓ હમાલભાઈઓ રજા રાખી પ્રચારકાર્યમાં જોડાશે તેવું આશ્વાસન આપ્યું હતું.





### કેન્દ્રીય મંત્રી પુરષોત્તમ રૂપાલાએ ધાનેરામાં સભા સંબોધી

ધાનેરા માં કેન્દ્રીય મંત્રી પુરષોત્તમ રૂપાલાએ સભા સંબો ભાજપ પક્ષ માંથી માવજીભાઈ દેસાઈ વિજય બનવવા માટે લોકો ને અપીલ કરી હતી તો બીજી તરફ રૂપાલા જી ની સભા માં લોકો ભાજપ ને મત આપવાની ખાતરી આપી હતી. ચૂંટણી પ્રચાર જોર સોર થી ચાલી રહ્યો છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં ગુજરાત કેન્દ્રીય મંત્રી પુરષોત્તમ રૂપાલા એ લાલચોક ખાતે સભા સંબોધી હતી અનવ ભાજપ ને વોટ આપવા માટે લોકો ને અપીલ કરી હતી અને ભાજપ તમારા ઉપર કારેલ ઉપકાર નો વોટ આપી બદલો ચૂકવવા કહ્યું હતું તો બીજી તરફ ધાનેરા માં રાજ્ય મંત્રી ની સભા માં લોકો એ પણ ભાજપ ને વોટ આપી બહુમતી થી વિજય બનવવા ની ખાતરી આપી હતી.

## બનાસકાંઠાને મેડિકલ કોલેજની ભેટ છતાં ભાજપને નુકસાન!!!

**સેલ્ફ ફાયનાન્સ મેડિકલ કોલેજની આડમાં સિવિલ પડાવી લેવા સામે રોષ : પાલનપુર સિવિલના ખાનગીકરણ નો મુદ્દો ભાજપ માટે બુમરેંગ સાબિત થાય તેવી વકી : ચૂંટણીના માહોલ વચ્ચે પાલનપુર સિવિલમાં યુદ્ધના ધોરણે ચાલતી કામગીરી**

રાજ્યની ભાજપ સરકારે બનાસકાંઠાને મેડિકલ કોલેજની ભેંટ આપી હોવા છતાં વિધાનસભાની





ચૂંટણીમાં ભાજપ ને નુકસાન થવાની શક્યતા વર્તાઈ રહી છે. સેલ્ફ ફાયનાન્સ મેડીકલ કોલેજની આડમાં નિયમોના ઉપરવટ જઈ પાલનપુર સિવિલ પડાવી લેવાની હિલચાલ ભાજપ માટે ઘાતક પુરવાર થાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

રાજ્યના આરોગ્ય મંત્રી શંકર ચૌધરીએ દલા તરવાડીની ભૂમિકા ભજવતા પોતાની ચેરમેનશિપ હેઠળની બનાસડેરી સંચાલિત નવા બનેલા ખાનગી ટ્રસ્ટને મેડિકલ કોલેજ ફાળવી છે. મેડિકલ કોલેજની આડમાં કરોડો રૂપિયાની મિલ્કત ધરાવતી પાલનપુર સિવિલ હોસ્પિટલ પડાવી લેવાનો મુદ્દો ચૂંટણી મુદ્દો બનતા ભાજપ માટે બુમરેંગ સાબિત થાય તેમ છે.

ખુદ પ્રદેશ ભાજપના આગેવાનો પણ બનાસકાંઠાને મેડિકલ કોલેજની ભેંટ છતાં ભાજપ માટે નુકસાનીનો સોદો કેમ તે દિશામાં તપાસ કરતા પાલનપુર સિવિલ પડાવી લેવાનો મુદ્દો સામે આવતા તેઓ ચોંકી ઉઠ્યા છે. જયારે બીજી બાજુ શંકર ચૌધરી આણી મંડળી ચૂંટણી માહોલનો લાભ લઈ ફટાફટ એમ.સી.આઈ.ની ટિમને બોલાવવાની વેતરણમાં પડી છે. પાલનપુર સિવિલમાં હાલમાં યુદ્ધના ધોરણે એમ.સી.આઈ આગળ ફૂલ ગુલાબી ચિત્ર રજૂ કરવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જેમાં સિવિલના કર્મચારીઓ પર જોહુકમી કરી ડેરીના માણસો સિવિલની સુરત બદલવા કામે લાગી ગયા હોવાની રાવ ઉઠી છે. ત્યારે પાલનપુરના કોંગ્રેસી ધારાસભ્ય મહેશ પટેલની નિષ્ક્રિયતા અને શંકર ચૌધરીના વધતા જતા કદ સામે ભાજપ નેતાઓની ચુપકીદી વચ્ચે શંકર ચૌધરી સામે ઓફીસ ઓફ પ્રોફિટ મુદ્દે રિટ દાખલ કરવાની જાહેરાત કરનાર આમ આદમી પાર્ટીના ભેદી મૌન વચ્ચે જિલ્લાના પ્રજાજનો માટે તો જાયે તો જાયે કહા તેવો ઘાટ ઘડાયો છે.

### રાજકીય ઉત્તેજના... ● છેલ્લા પાનાનું ચાલુ

છે. જિલ્લામાં બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષો મિત્રમંડળની રાજનીતિમાં માહેર છે અને બન્ને પક્ષો અત્યારે તો એકબીજાને હંફાવતા નજરે પડી રહ્યા છે. જિલ્લામાં કોંગ્રેસ તેની પક્કડને વધુ મજબુત બનાવવામાં વ્યસ્ત છે તો ભાજપ તેની સરકી જતી વોટ બેંકને મનાવી પાછી લાવવામાં વ્યસ્ત છે. જિલ્લામાં જે રીતે મિત્રમંડળનું રાજકારણ જામ્યુ છે તેનાથી રાજકીય માહોલ ગરમાયો જરૂર છે પણ મતદાનમાં કયા મતદારો કેટલુ મતદાન કરશે તેના ગણિતને લઈ પણ ચર્ચાઓ ચાલી રહી છે.

સ્થાનિક, લોકપ્રિય, લાડીલા જેવા શબ્દ પ્રયોગો સાથેના હોર્ડિંગ્સ સાથે મતદારોને લાગણી સાથે રિઝવવાના પ્રયાસો પણ એટલા જ કરાયા છે તે પણ ચર્ચામાં ચમકતા મુદ્દાઓ બની ઉભરી રહ્યા છે. જિલ્લામાં આ ચૂંટણીઓ પત્યા પછી તુરત જ ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ આવી રહી છે એટલે બન્ને પક્ષમાં ટિકિટવાંચ્છુઓની ઉમેદવારોના સમર્થનમાં રાજકીય દોડથી વાતાવરણ પણ વધુ ગરમાતુ જોવા મળી રહ્યું છે. ગાંધીનગર જિલ્લામાં ગ્રામીણ મતદાર એ નિર્ણાયક બનશે તેવા ગણિતો સાથે અત્યારે તો જિલ્લાના ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારોમાં રાષ્ટ્રીય નેતાઓની સભાઓના આયોજનો વચ્ચે મિત્રમંડળનું રાજકારણ જિલ્લાના રાજકારણને વધુ ગરમાવી રહ્યુ છે એટલુ જ નહિ ચૂંટણીના પરિણામો જિલ્લાની આગામી વિકાસકૂચને નવી દિશા આપશે.

## નોટબંધીમાં કાળુ નાણુ સફેદ થયું : રાહુલ ગાંધી

શામળાજી, તા. ૧૦

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ





ગાંધીએ રવિવારે અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ શામળાજી નજીક અસાલ ગામના મેદાનમાં જાહેરસભાને સંબોધીને ગુજરાતમાં ૨૨ વર્ષથી ચાલતી ભાજપ સરકારના વિકાસના દાવા અને ભાજપ સરકાર અને મોદીના દાવાઓની ઝાટકણી કાઢી હતી. મોદીજી હાલની વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતના ૨૨ વર્ષના ભાજપના શાસન, વિકાસની વાત, ગુજરાતના ભવિષ્યની વાતો કરવાને બદલે તેમના જાતના વખાણ કરી રહ્યા છે. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટી ભવિષ્યની ચિંતા કરી રહી છે. મતદાન વખતે બટન દબાવતા સમયે નોટબંધી અને જીએસટીને ભૂલતા નહિ તેમ ભારપૂર્વક જણાવ્યું હતું. ગુજરાતે છેલ્લા ત્રણ મહિનાથી પ્યાર જ પ્યાર આપ્યો છે અને હું કોઈ પણ જગ્યાએ હોઈશ તમારા પ્રેમને હું ભૂલીશ નહિ. ગુજરાતના લોકો જયારે પણ યાદ કરશે ત્યારે યાદ કરજો હું પહોંચી જઈશ તેમ ભાવુકતાથી જણાવ્યું હતું.

રાહુલ ગાંધીએ ખોટા વાયદા કરવાને બદલે ખેડૂતોના દેવા ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનશે તો દસ દિવસમાં માફ કરવાની વાત કરી હતી. આદિવાસી સમાજ માટે અરવલ્લી જિલ્લામાં ધંધા રોજગાર માટે વિશેષ સુવિધા ઉભી કરવાની સાથે સરદાર પટેલ હેલ્થ કાર્ડ દ્વારા મફત નિદાન અને દવાઓ અને ઉચ્ચ શિક્ષણ મફત ઉપલબ્ધ કરાવાની વાત કરી હતી. બેરોજગાર યુવાનો માટે રોજગારીની તકો ઉભી કરશે અને બેરોજગાર યુવાનોને ૪૦૦૦ હજાર રોજગારી ભથ્થુ આપવાનું જણાવ્યું હતું. નોટબંધી સમયે અમિત શાહના પુત્ર જય શાહની કંપનીએ ૫૦ હજારના ત્રણ મહિનામાં ૮૦ કરોડ ભ્રસ્ટાચાર કરી બનાવી લીધી છતાં દેશના ચોકીદાર ગણાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી મોઢા પર હાથ નાખી દઈ ''ન ખાઉંગા ઔર ના ખાને દૂંગા'' ના બદલે ના બોલૂંગા ઔર ના બોલને દૂંગા અને અમિત શાહથી ગભરાતા હોવાનું જણાવી નરેન્દ્ર મોદીને આડે હાથે લેતા અને દરેકના ખાતામાં ૧૫ લાખ જમા થવાની વાત કરતા જાહેરસભામાંથી ફેકુ ફેકુના નારા ગુંજતા રાહુલ ગાંધી અટકી ગયા હતા. રાહુલ ગાંધીએ ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણી અમિતશાહના રિમોટ કંટ્રોલથી ચાલે છે અને તેમના ઈશારે નાચતા હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.

### સીધો સંવાદ...

● છેલ્લા પાનાનું ચાલુ

**પક્ષાપલ્ટા બાદ તમને મતદારો તરફથી કેવો પ્રતિસાદ? સ્વીકારે છે ?**

છેલ્લા પાંચ વર્ષમાં પ્રજાના કામો જ કર્યા છે. લોકમાનસમાં એવી છાપ તો ઉભી થઈ છે કે સારા ઉમેદવાર છે...અને એકપણ આજ સુધી ભ્રષ્ટાચારનો દાગ લાગ્યો નથી.

**માણસા બેઠક પર કેટલા મતદારો છે. કયા નિર્ણાયક બની રહેશે**

માણસા બેઠક પર પાટીદાર, ઠાકોર ક્ષત્રિય સમાજનો વર્ગ વિશેષ છે. કુલ ૨.૧૨ લાખ જેટલા મતદારો છે. જેમાં પાટીદારોના ૪૯ હજાર મતો છે.

**પાટીદાર આંદોલનની લડત ચાલે છે ત્યારે પાટીદારો અમિત ચૌધરીને મત આપશે કેમ ?**

પાટીદાર સમાજ નિર્ણાયક બની રહેશે. પાટીદાર સમાજે જાહેરમાં સંમેલન બોલાવી જાહેરમાં જવાબદારી સ્વીકારી હરહંમેશ પાટીદાર સમાજ ભાજપ સાથે રહયો છે.... આ વખતે પણ રહેશે. પાસ આંદોલનની અસર અહીંયા લગભગ નહીંવત છે તેમ કહી શકાય

**તમારી જીતનુ મજબુત કારણ સિંગલ લાઇનમાં ?**

છેલ્લા પાંચ વર્ષના કામો અને સતત લોકો વચ્ચે હાજરી..

**તમને જીત મળે તો માણસા વિસ્તાર માટે શુ કરશો ?**

અહીંયા પાણી અને સિંચાઈનો મુખ્ય પ્રશ્ન છે. મહદઅંશે સમસ્યાનો અંત આવી ગયો છે. હમણાં જ ૫૧૫ કરોડની યોજના પિયજ પાઈપલાઈન માટે હાથ ધરાઈ છે. સુજલામ સુફલામ યોજના અન્વયે કેનાલમાં પણ નિયમિત પાણી પુરુ પાડવામાં આવે છે. ખેડુત અને પશુપાલક હીતમાં કરવાના તેમજ બાકી રહેતા રોડ રસ્તાના કામો પણ પુરા કરીશુ.

**પાંચ વર્ષમાં માણસા વિસ્તારમાં પ્રજાલક્ષી શુ કામો કર્યા ?**

પાંચ વર્ષમાં ૧૮૦ કરોડથી વધુ રસ્તાના કામો થયા છે. માણસા સિવિલનુ રીનોવેશન કર્યુ બે પી એચ સી અને એક સી એચ સી સેન્ટર શરૂ કરાયા આ ઉપરાંત સંપુર્ણ ધારાસભ્યની ગ્રાંન્ટ આયોજન પંચની તમામ ગ્રાન્ટનો લાભ નાના માણસો સુધી પહોંચે તેવુ આયોજન કરી કામો કર્યા છે.

**સુરેશ પટેલને કઇ રીતે લો છો ?**

સુરેશ પટેલ કોંગ્રેસના એક સિનિયર.. સિઝન આગેવાન છે. અહીંયા કોંગ્રેસના લીડરોથી પરિચિત પણ છે. સુરેશ પટેલને સિમ્પલી લઈ શકાય તેવો તો નથી જ...

**માણસા વિસ્તારમાંથી અપક્ષ ઉમેદવારો પણ વધુ છે શુ અસર કરશે ?**

અપક્ષ ઉમેદવારો પૈકી ત્રણ ચાર ઉમેદવારોએ ભાજપને ટેકો જાહેર કરી દીધો છે. જયારે અન્ય અપક્ષ ઉમેદવારો મજબુત પ્રભાવ ધરાવતા નથી.

**પાંચ વર્ષમાં ભ્રષ્ટાચારનો દાગ લાગ્યો નથી ..પ્રજાની સાથે રહયો છુ : અમિત ચૌધરી**

ખેડુતો માટે સિંચાઈ અને પાણીના બાકી કામો કરવાના છે : પાટીદાર સમાજ પણ સાથે જ છે : છેલ્લા પાંચ વર્ષમાં કામો કર્યા છે...પ્રજાની સાથે જ રહયો છુ.. મારી જીતનો વિશ્વાસ છે : અમિત ચૌધરી કહે છે....સુરેશ પટેલને.. સિમ્પલી લેવાય તેમ નથી.